**ખેડા જિલ્લાના સ્થાનિક ખાણ-ખનીજ વિભાગની શંકાસ્પદ નિષ્ક્રિયતા વચ્ચે મોટી કાર્યવાહી**

# નડિયાદ પાસે શેઢી નદીમાં ચાલતું રેતી ખનન, એક કરોડનો મુદ્દામાલ જપ્ત

**ડમ્પર ચાલકોની** ભાગમભાગમાં વીજપોલ ધરાશાયી થતા અફરાતફરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.5

નડિયાદ તાલુકાના વાલ્લા ગામે શેઢી નદીના પટને ખનીજ માફિયાઓ દ્વારા ખોખલો કરવામાં આવી રહ્યો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ ગેરકાયદે પ્રવૃત્તિ સામે ગાંધીનગરની ફ્લાઈંગ સ્ક્વોડે આકસ્મિક દરોડો પાડી એક કરોડથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સ્થાનિક તંત્રની કથિત રહેમનજર હેઠળ ચાલતા આ કાળા કારોબાર પર સીધી ગાંધીનગરની ટીમે કાર્યવાહી કરતા ખનીજ માફિયાઓ અને જવાબદાર અધિકારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ગાંધીનગરની ફ્લાઈંગ સ્ક્વોડના દરોડાની કામગીરી દરમિયાન નદીપટમાં ફિલ્મી દ્રશ્યો જોવા મળ્યા હતા. ટીમને જોતા જ પકડાઈ જવાની બીકે ડમ્પર ચાલકોએ વાહનો પૂરઝડપે હંકારી મૂક્યા હતા. આ ભાગમભાગ દરમિયાન એક બેકાબૂ બનેલું ડમ્પર રોડની



રેલિંગ તોડીને વીજળીના થાંભલા સાથે જોરદાર અથડાયું હતું, જેના કારણે વીજપોલ જમીનદોસ્ત થઈ ગયો હતો અને સમગ્ર વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાયો હતો. આ નુકસાન અંગે વીજ કંપનીના અધિકારીઓએ સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી છે.

આ દરોડામાં નદીપટમાંથી એક હિટાચી મશીન અને રેતી ભરેલા 2 ડમ્પર મળી કુલ એક કરોડથી વધુનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો છે, જેને નડિયાદ સરદાર ભવન કચેરી ખાતે સીઝ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. આ સમગ્ર પ્રકરણમાં ખેડા જિલ્લાના સ્થાનિક ખાણ-ખનીજ વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. શેઢી નદીમાં મોટા પાયે મશીનરી ઉતારીને થતું ખનન ગાંધીનગરની ટીમને દેખાઈ ગયું, પરંતુ સ્થાનિક અધિકારીઓ તેનાથી અજાણ હોવાનો દાવો કરી રહ્યા છે, જે બાબત શંકા પ્રેરે તેવી છે.

ગાંધીનગરની ટીમે હાલ પકડાયેલા વાહનોના માલિકોની ઓળખ કરવા અને આ રેતી ક્યાં સપ્લાય કરવામાં આવતી હતી ? તે દિશામાં સઘન તપાસ ચલાવી રહી છે. આ તપાસ દરમિયાન કાળા કારોબારમાં સંડોવાયેલા કેટલાક મોટા માથાઓના નામ બહાર આવવાની પણ પૂરેપૂરી શક્યતા છે. આગામી દિવસોમાં ખનીજ માફિયાઓ અને તેમને પ્રોત્સાહન પૂરું પાડતા તત્વો સામે વધુ કડક પગલાં લેવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

# નડિયાદમાં જમીન વિવાદમાં બિલ્ડરે યુવકને ધમકી આપી

**કોર્ટ કેસ પાછો ખેંચવા** દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ફરિયાદમાં આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ તા.5

નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં જમીન વિવાદમાં સમાધાન કરવા માટે એક યુવક પર દબાણ કરી, તેને જાતિ વિરુદ્ધ શબ્દો બોલી અપમાનિત કરવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ બે બિલ્ડર ભાઈઓ સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે.

નડિયાદના શાંતિ ફળિયામાં રહેતા મુકેશભાઈ ઉર્ફે જાફર પરમારના મિત્ર ભરતભાઈ બારૈયાની જમીનનો કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે. આ કેસ સંદર્ભે મુકેશભાઈ તેમના મિત્ર સાથે કોર્ટમાં ગયા હતા, જ્યાંથી પરત ફરતી વખતે મિલ રોડ પર રાજુભાઈ જીવણભાઈ પટેલ અને નરેશભાઈ જીવણભાઈ પટેલે તેમને અટકાવ્યા હતા. આરોપીઓએ મુકેશભાઈને ધમકી આપી હતી કે જો તેઓ ભરતભાઈને કહીને કેસ પાછો નહીં ખેંચાવે તો તેમના ટાંટિયા ભાગી નાખવામાં આવશે.

પેટલાદ રોડ પર આવેલી અલર્ક કોમ્પ્લેક્સની ઓફિસે થયેલી મુલાકાત દરમિયાન પણ બંને બિલ્ડર ભાઈઓએ મુકેશભાઈની હાજરી અંગે રોષ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન મુકેશભાઈને જ્ઞાતિ વિષયક અપમાનજનક શબ્દો કહી, ઓફિસની બહાર કાઢી મૂક્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

આ ઘટનાને પગલે નડિયાદ પશ્ચિમ પોલીસે રાજુભાઈ પટેલ અને નરેશભાઈ પટેલ સામે એટ્રોસિટી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ બિલ્ડર પક્ષ દ્વારા સામા પક્ષ સામે ખંડણી માંગવાની ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. આ અંગે પશ્ચિમ પોલીસે તપાસ હાથ ધરી છે.

# દહેમી ગામમાં બોગસ પેઢીનામાના આધારે વારસાઈ કરાવવા કોશિષ

**એસડીએમ દ્વારા** ખોટી નોંધ રદ કરાતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.5

બોરસદ તાલુકાના દહેમી ગામમાં ખેડૂતની કિંમતી જમીન પચાવી પાડવા માટે ખોટું પેઢીનામું બનાવી સરકારી ચોપડે વારસાઈ નોંધ પડાવી લેવાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે.

બોરસદના દહેમી ગામના રહીશ રસીકભાઈ બકોરભાઈ ગોહિલની નામણ ગામે જમીન આવેલી છે. આ જમીન અગાઉ બકોરભાઈ ચતુરભાઈ ગોહીલ અને પ્રભાતભાઈ ચતુરભાઈ ગોહીલના નામે ચાલતી હતી, જેઓ બંનેનું અવસાન થયું છે. જે તે સમયે ચતુરભાઈ ગોહીલે આ જમીન ગામના ડાહ્યાભાઈ શીવાભાઈ ગોહેલને માત્ર ખેડવા માટે આપી હતી. જોકે, આ બાબતનો ગેરફાયદો ઉઠાવી ડાહ્યાભાઈના પુત્ર પ્રવિણએ જમીન હડપવા માટે ખોટું પેઢીનામું તૈયાર કર્યું હતું. બાદમાં આ ખોટા પેઢીનામાનો સાચા તરીકે ઉપયોગ કરી સરકારી દફતરે વારસાઈ ફેરફાર નોંધ પડાવી લીધી હતી.

આ કાર્યમાં તેમને સાથ આપવા માટે મનુ વિનુભાઈ રાઠોડ, પ્રતાપસિંહ છત્રસિંહ રાઠોડ અને મહેશ પુંજાભાઈ રાઠોડ (તમામ રહે. દહેમી) એ સાક્ષી તરીકે સહીઓ કરી હતી. આ રીતે કાયદાકીય પ્રક્રિયાનો દુરુપયોગ કરીને પ્રવિણએ પોતાના પરિવારના નામે વારસાઈ નોંધ મંજૂર કરાવી લીધી હતી. આ છેતરપિંડીની જાણ થતા જ મૂળ વારસદાર રસીકભાઈએ બોરસદ મેજિસ્ટ્રેટ સમક્ષ અપીલ દાખલ કરી હતી. એસડીએમ બોરસદે કેસની ગંભીરતાને ધ્યાને લઈ તા. 08-10-2025 ના રોજ રસીકભાઈની અપીલ મંજૂર કરી હતી અને ખોટા પેઢીનામાના આધારે પાડવામાં આવેલી તમામ વારસાઈ નોંધો રદ કરવાનો હુકમ કર્યો હતો. પોતાની જમીન પર ખોટી રીતે હક જમાવનારા અને કાયદા સાથે રમત રમનાર પ્રવિણ ડાહ્યાભાઈ ગોહેલ સહિત સાક્ષી તરીકે સહી કરનાર ત્રણેય શખ્સો સામે રસીકભાઈએ બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ ચારેય મળતીયાઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ખંભાતમાં સહાય હડપવા બોગસ સંમતિપત્રક બનાવ્યું

(પ્રતિનિધિ) ખંભાત તા.5

ખંભાતના પાંચ હાટડી વિસ્તારમાં જમીન નુકસાની પેટે મળતી સરકારી સહાય મેળવવા માટે મૃતક વ્યક્તિનો અંગૂઠો મારીને બનાવટી સંમતિપત્રક ઉભું કરવાનું કૌભાંડ સામે આવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

ખંભાતમાં રહેતા સીકંદરઅલી બાકરઅલી સૈયદની વડીલોપાર્જિત સંયુક્ત કબજાની સીમ જમીન આવેલી છે. વર્ષ 2019માં 15મી ઓક્ટોબર,2019થી 20મી નવેમ્બર, 2019 દરમિયાન થયેલા ભારે વરસાદને કારણે થયેલ નુકસાની બદલ સરકારે રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ સહાય મેળવવા માટે સીકંદરઅલીના ભત્રીજા મીરસાબમીયા હનીફમીયા સૈયદએ એક કાવતરું રચ્યું હતું. મીરસાબમીયાએ સરકારી સહાય મેળવવા માટે એક ખોટું સંમતિપત્રક તૈયાર કર્યું હતું.

આ દસ્તાવેજમાં તેણે સીકંદરઅલીના બહેન, જેઓ મરણ પામ્યા હોવા છતાં, તેમના નામનો ખોટો અંગૂઠો પાડ્યો હતો. એટલું જ નહીં, તેણે સિકંદરઅલીની પણ ખોટી સહી કરી આ સંમતિપત્રકને ખરા તરીકે રજૂ કર્યું હતું. આ બનાવટી દસ્તાવેજના આધારે આરોપીએ નુકસાની વળતરના રૂ. 13,600 સીધા પોતાના બેંક ખાતામાં મેળવી લીધા હતા. આ સમગ્ર કૌભાંડની જાણ થતા સીકંદરઅલીએ પોતાના ભત્રીજા મીરસાબમીયા સૈયદ સામે ખંભાત રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ખેડા : ક્રિકેટમાં બોલ પકડવા મુદ્દે બે જૂથ વચ્ચે મારામારી

**બંને પક્ષે સામસામી** પોલીસ ફરિયાદ નોંધાતા 10થી વધુ યુવાનો સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) નડિયાદ તા.5

ખેડા શહેરમાં રવિવારે બપોરે ક્રિકેટ રમવા જેવી ક્ષુલ્લક બાબતે બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ લોહિયાળ સંઘર્ષ સર્જાતા ભારે દોડધામ મચી ગઈ હતી. આ હિંસક અથડામણમાં લાકડાના બેટ અને સ્ટમ્પ જેવા હથિયારો વડે સામસામે હુમલો કરવામાં આવતા ચારથી વધુ યુવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

ખેડાના સૈયદવાડ અને જૈન દેરાસર નજીક રહેતા યુવાનો રવિવારે બપોરે 2:30 વાગ્યાના સુમારે પોસ્ટ ઓફિસ સામેના મેદાનમાં ક્રિકેટ રમી રહ્યા હતા. આ દરમિયાન ફિલ્ડિંગમાં બોલ પકડવા જેવી બાબતે બે યુવાનો એકબીજા સાથે અથડાતા મામલો બિચક્યો હતો. વિવાદ એટલો વધ્યો કે બંને પક્ષના યુવાનો સામસામે આવી ગયા હતા અને બેટ-સ્ટમ્પ વડે હુમલો કરતા એક પક્ષના અકમલ, હસનૈન, સાહિલહુસેન અને ઈશાકઅલીને માથા તેમજ શરીરના ભાગે ઈજાઓ પહોંચતા ખેડા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

સામા પક્ષે રચીતકુમાર રાવળે નોંધાવેલી વળતી ફરિયાદ મુજબ, સૈયદવાડના યુવાનોએ મેદાનમાં આવી ઝઘડો કરી ધક્કામુક્કી કરી હતી, જેમાં ધ્રુવ રાણા અને રચીતકુમાર સહિતના મિત્રોને પણ માર મારવામાં આવ્યો હતો. આ દરમિયાન બંને પક્ષોએ એકબીજાને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી.

ખેડા ટાઉન પોલીસે આ મામલે આશીકઈકબાલ મલેક અને રચીતકુમાર રાવળની ફરિયાદોના આધારે નિશીત રાણા, ધ્રુવ રાણા, રચીત રાવળ, દેવ રાણા, નિકુંજ રાવળ, અનંત ઠક્કર તેમજ સામે પક્ષે અકમલ મલેક, હસનૈન મલેક, સાહિલહુસેન સૈયદ અને ઈશાકઅલી સૈયદ સહિતના યુવાનો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યા છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### માતર તાલુકાના રણાસર, લિમ્બાસી અને સિંજીવાડામાં પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ



**માતર |** માતર તાલુકાના રણાસર, લિમ્બાસી અને સિંજીવાડા ગામોમાં ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી પર્યાવરણ અને સ્વાસ્થ્યપ્રદ પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ મેનેજર હાર્દિકભાઈ ગોડાદ અને સોઢા યોગેશે ખેડૂતોને દેશી ગાયના છાણ-મૂત્ર દ્વારા ઘરે બેઠા ઓછા ખર્ચે ખાતર બનાવવાનું અને જમીનની ફળદ્રુપતા વધારવાનું ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેતીના રોકાણ ખર્ચમાં ઘટાડો કરીને નફો વધારવાનો અને રાસાયણિક ખાતરોથી જમીનને થતા નુકસાન વિશે ખેડૂતોને જાગૃત કરવાનો છે. આ કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં હાજર રહેલા સ્થાનિક ખેડૂતોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું હતું.

### આણંદની વિદ્યાર્થિની કથ્થક નૃત્યમાં રાજ્ય કક્ષાએ દ્વિતીય ક્રમ મેળવ્યો




**આણંદ |** યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ દ્વારા સંચાલિત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા આયોજીત ગુજરાત રાજ્ય કલા મહાકુંભ - 2025માં આણંદની તપસા એકેડેમીની વિદ્યાર્થિની તથા રાધે બ્યુટીકના ઝંખનાબહેન પટેલની દિકરી રાજવી હાર્દિકભાઈ પટેલે કથ્થક નૃત્ય કલામાં રાજ્ય કક્ષાએ દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરી આણંદ જિલ્લાનું નામ રાજ્ય સ્તરે ઉજજવળ કર્યું છે. રાજવી પટેલે પોતાની ઉત્તમ કલાપ્રતિભા, કઠોર મહેનત અને ગુરૂજનોના માર્ગદર્શનથી આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજ શહેરમાં પટેલ વાડા પાછળ 33 લાખના ખર્ચે નવો રસ્તો બનશે



**કપડવંજ |** કપડવંજ વોર્ડ નંબર 4 નાની વહોરવાડમાં અંદાજિત રકમ 33 લાખ અને પટેલ વાડા પાછળ કસબા મસ્જિદ પાસે અંદાજિત રકમ 4 લાખના ખર્ચે નવા રોડનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન પંચાલ, નગર સેવા સદન ઉપપ્રમુખ નીરવ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સેજલ બ્રહ્મભટ્ટ, એપીએમસી ચેરમેન ધવલ પટેલ, સદસ્યો ચિન્ટુભાઈ પટેલ, નીતિનભાઈ શાહ, નિમેષસિંહ જામ અને સંગઠનના હોદ્દેદારો અર્થ ત્રિવેદી, ભાર્ગવ બ્રહ્મભટ્ટ, સમસુદીન સૈયદ અને પાર્ટીના કાર્યકરો, નગરપાલિકા એન્જિનિયર વિષ્ણુભાઈ પટેલ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### યજુર ફાઇબર્સ લિમિટેડનો આઈપીઓ 7 જાન્યુઆરી, 2026ના રોજ ખુલશે

**વડોદરા |** પ્રીમિયમ કોટનાઇઝ્ડ બાસ્ટ ફાઇબર–ફ્લેક્સ (લિનન), જ્યુટ અને હેમ્પ–ના ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી યજુર ફાઇબર્સ લિમિટેડ તેનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) 7 જાન્યુઆરીના રોજ ખુલ્લો મૂકશે. આ આઈપીઓ મારફતે કંપની BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટિંગ સાથે અપર પ્રાઇઝ બેન્ડે રૂ.120.41 કરોડ એકત્ર કરવાનો હેતુ ધરાવે છે. આ ઇશ્યુમાં પ્રત્યેક રૂ.10ના કુલ 69,20,000 ઇક્વિટી શેર ઓફર કરવામાં આવશે. શેર માટેનો પ્રાઇઝ બેન્ડ રૂ.168થી રૂ.174 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે અને લોટ સાઇઝ 800 ઇક્વિટી શેર રહેશે. ઇશ્યુ 9 જાન્યુઆરીના રોજ બંધ થશે. ઇક્વિટી શેરનું વિતરણ ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યુશનલ બાયર, નોન-ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સ, ઇન્ડિવિડ્યુઅલ ઇન્વેસ્ટર્સ અને માર્કેટ મેકર માટે અનુક્રમે ફાળવવામાં આવ્યું છે. આઈપીઓમાંથી મળેલી રકમ હાવડાની હાલની મેન્યુફેક્ચરિંગ યુનિટમાં ક્ષમતા વિસ્તરણ, ઉજ્જૈનમાં DMIC ઇન્ડસ્ટ્રિયલ પાર્ક ખાતે પેટાકંપની દ્વારા ગ્રીનફિલ્ડ વેટ-સ્પન લિનન યાર્ન યુનિટ સ્થાપના, તેમજ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે વપરાશે.

### કપડવંજ શહેરમાં પ્રજ્ઞા ચક્ષુઓના મસિહા લુઇ બ્રેડના જન્મદિનની ઉજવણી કરાઇ



**કપડવંજ |** કપડવંજ વી.એસ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રજ્ઞાચક્ષુના મસિહા લુઈ બ્રેઈલની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રજ્ઞાચક્ષુ બાળકોને લુઈ બ્રેઈલના જીવન ઝરમર વિશે માહિતી આપવામાં આવી. તેમજ તેમને મળતી સરકારની વિશેષ સવલતો અંગેનું માર્ગદર્શન રમેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક દિવ્યાંગનો ને ગાંધી ચોક ઉતરાયણ ઉજવણી સમિતિ કપડવંજ દ્વારા ટુવાલો ભેટ આપવામાં આવ્યા હતા. તેમજ ઈશાબેન તથા મનીષાબેન વાઘેલા તરફથી કચરિયું અને સંદિપસિંહ વી બારૈયા તરફથી દાબેલી નો અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

### ચરોતર પાખી પંચ ટ્રસ્ટનો વાર્ષિકોત્સવમાં તેજસ્વી તારલાંઓનું સન્માન કરાયું




**નડિયાદ |** નડિયાદમાં ચરોતર પાખી પંચ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા અને તેજસ્વી વિદ્યાર્થીઓના ઇનામ વિતરણનો કાર્યક્રમ હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો. આ પ્રસંગે 47 દિવસનું કઠિન ઉપધાનતપ પૂર્ણ કરનાર 6 વર્ષીય બાળા ત્રિશાનું સમાજ દ્વારા વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રે યોગદાન આપનાર દાતાઓનું સન્માન કરાયું અને આગામી યાત્રા પ્રવાસ વિશે સભ્યોને માહિતગાર કરાયા હતા. આ પ્રસંગે. પ્રમુખ જયેશ શાહ અને કમિટીના સભ્યોએ ટ્રસ્ટની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓની સમીક્ષા કરી આ સમગ્ર આયોજનને સફળ બનાવ્યું હતું.

### નડીઆદથી 34મો વૈષ્ણોદેવી યાત્રા સંઘ અયોધ્યા-વૈષ્ણોદેવીના દર્શનાર્થે રવાના




**નડિયાદ |** નડિયાદમાં સતત 34મા વર્ષે વૈષ્ણોદેવી યાત્રા સંઘ દ્વારા અયોધ્યા અને વૈષ્ણોદેવીના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંઘમાં અંદાજે 325 જેટલા યાત્રિકો વૈષ્ણોદેવી, શિવખોડી અને અયોધ્યા રામ મંદિરના દર્શન માટે જોડાયા છે. સંતરામ મંદિરના સંત સત્યદાસજી મહારાજે આશીર્વાદ પાઠવી આ યાત્રા સંઘને વિધિવત રીતે પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના પૂર્વ પ્રદેશ મંત્રી જહાન્વીબેન વ્યાસ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### ક્યુપિડ લિમિટેડનું શાનદાર પ્રદર્શન, મજબૂત માંગ અને ઓર્ડર બુક સાથે વિસ્તરણ તરફ આગેકૂચ

**વડોદરા |** વડોદરા સ્થિત ક્યુપિડ લિમિટેડે નાણાકીય વર્ષ 2026 ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં મજબૂત કાર્યકારી ગતિ જાળવી રાખી છે. કંપનીના મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, સ્થિર માંગ અને ક્ષમતા વિસ્તરણ યોજનાઓને કારણે આ અત્યાર સુધીનું સૌથી શ્રેષ્ઠ ત્રિમાસિક પ્રદર્શન રહેવાની અપેક્ષા છે. હાલમાં કંપનીની ઓર્ડર બુક રેકોર્ડ સ્તરે હોવાથી આગામી સમય માટે સ્પષ્ટ દૃશ્યતા મળી રહી છે. મેનેજમેન્ટને વિશ્વાસ છે કે તેઓ નાણાકીય વર્ષ 26 માટે નિર્ધારિત રૂ. 335 કરોડની આવક અને રૂ. 100 કરોડના નફાના લક્ષ્યાંકને પણ વટાવી જશે. મહારાષ્ટ્રના પલાવા ખાતે મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું વિસ્તરણ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. આ સાથે જ, કંપનીના નવા FMCG ઉત્પાદનો જેવા કે પેટ્રોલિયમ જેલી અને ફેસ વોશને પર્સનલ કેર ક્ષેત્રે દેશભરમાં ગ્રાહકોનો મજબૂત પ્રતિસાદ મળી રહ્યો છે. ક્યુપિડ લિમિટેડની આ પ્રગતિ એક એવા એન્જિન જેવી છે જે સંપૂર્ણ ક્ષમતા અને નવા ઈંધણ (નવા ઉત્પાદનો) સાથે લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે.

### હઠીપુરામાં રવિશંકર આર્ટ ઓફ લિવિંગ દ્વારા બહેનોને ધાબળા વિતરણ કરાયું



**સલુણ |** નડિયાદ તાલુકાના સલુણ ગામના હઠીપુરામાં શ્રી શ્રી રવિશંકર આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા વિધવા અને ઉંમરલાયક બહેનોને ઠંડીમાં રાહત મળે તે હેતુથી ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યક્રમનું આયોજન સંસ્થાના કાર્યકર્તા તન્વીબેનના સંપર્કથી પ્રાથમિક શાળાના આચાર્યા મયુરિકાબેન રાજપૂત અને શ્રી વિવેકાનંદ ગ્રુપના પ્રમુખ નરેન્દ્રભાઈ ગોહેલ દ્વારા કરાયું હતું. આ પ્રસંગે તાલુકા સભ્ય ખોડાભાઈ ગોહેલ, જનકબેન ગોહેલ તેમજ સંસ્થાના અન્ય સભ્યોની વિશેષ ઉપસ્થિતિમાં પધારેલા મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે તમામ વિધવા અને વયોવૃદ્ધ બહેનોને ક્રમશઃ ધાબળા અર્પણ કરી, ગ્રામજનોએ સંસ્થાની આ ઉમદા કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### TFCI હોસ્પિટાલિટી અને રિયલ એસ્ટેટ ફંડમાં રોકાણ કરશે: વ્યૂહાત્મક વિસ્તરણની યોજના

**વડોદરા |** ટુરિઝમ ફાઇનાન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (TFCI) એ અલ્ટરનેટિવ ઇન્વેસ્ટમેન્ટ સેક્ટરમાં પ્રવેશતા બે અલ્ટરનેટિવ ઇન્વેસ્ટમેન્ટ ફંડ્સ (AIFs) માં કો-સ્પોન્સર અને એન્કર ઇન્વેસ્ટર તરીકે જોડાવાની જાહેરાત કરી છે. આ વ્યૂહાત્મક ફેરફાર કંપનીને ઇક્વિટી-લિંક્ડ અને એસેટ મેનેજમેન્ટની નવી તકો પૂરી પાડશે. આ અંગે કંપનીના જણાવ્યા અનુસાર, તેઓ 'હોલીસ્ટોન હોસ્પિટાલિટી ફંડ'માં 5 ટકા સુધી અને 'સર્ટસ રિયલ એસ્ટેટ ફંડ'માં 10 ટકા સુધીનું રોકાણ કરશે. આ બંને ફંડ માટેની અરજીઓ SEBI સમક્ષ રજૂ કરી દેવામાં આવી છે. TFCI ના મેનેજિંગ ડિરેક્ટર અનૂપ બાલીએ જણાવ્યું હતું કે, આ નિર્ણય કંપનીની લાંબા ગાળાની વૈવિધ્યકરણ વ્યૂહરચનાને અનુરૂપ છે, જે બેલેન્સ શીટ પર વધારાનો ભાર મૂક્યા વગર ઇક્વિટી તકોનો લાભ લેવામાં મદદરૂપ થશે. એક સરળ સમજૂતી: આ પ્રક્રિયાને એક એવા વૃક્ષ સાથે સરખાવી શકાય જે તેના મૂળિયા મજબૂત રાખીને નવી ડાળીઓ ફેલાવી રહ્યું છે, જેથી તે અલગ-અલગ ફળો (નફો) મેળવી શકે અને તેની સ્થિરતા પણ જળવાઈ રહે.

### નડિયાદમાં ડો. લંકેશબાપુની શિવકથાનો પ્રારંભ, પોથીયાત્રામાં ઉમટ્યા ભક્તો



**નડિયાદ |** નડિયાદના પૌરાણિક મોટા મહાદેવ મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય કથાકાર ડો. લંકેશબાપુની અમૃતવાણીમાં નવ દિવસીય ભવ્ય શિવકથાનો મંગલ પ્રારંભ થયો છે. આ કથાના પ્રથમ દિવસે શહેરના રાજમાર્ગો પર નીકળેલી ભવ્ય પોથીયાત્રામાં શ્રદ્ધાળુઓ અને કળશધારી મહિલાઓ જોડાઈ હતી, જેનાથી સમગ્ર વાતાવરણ હર હર મહાદેવ ના નાદથી ગુંજી ઉઠ્યું હતું,. આ ધાર્મિક મહોત્સવ 12મી જાન્યુઆરી સુધી ચાલશે, જેમાં દરરોજ બપોરે 2:00 થી 5:30 કલાક દરમિયાન ભક્તો શિવમહિમા અને કથાશ્રવણનો લાભ લઈ શકશે.